જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૫/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૪૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૦૫	૦	૧૧૫૦૫	૧૭૬૨૪	૦	૧૭૬૨૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૫	૦	૮૫	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૦૨૨૭	૩૬૪	૫૦૫૯૧	૫૦૯૧૪	૩૬૧	૫૧૨૭૫
કુલ		૬૬૫૨૫	૩૬૪	૬૬૮૮૯	૭૫૦૮૨	૩૬૧	૭૫૪૪૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૪	૧,૯૪,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૩૬	૧૯,૩૬,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શાહીબાગ પોલીસ સ્ટેશન

શરીર સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી ગુનાઓ કરતો ઈસમ સુરેશ ઉર્ફે કાંચો સ/ઓ મનુભાઈ ડુંગરજી ભીલ ઉ.વ.૨૩ રહે-કસાપુરા ભીલવાસ સીવિલ હોસ્પિટલ ગેટ નં.૦૨ ની સામે શાહીબાગ અમદાવાદ શહેરના વિરુદ્ધ (૧) શાહીબાગ પો.સ્ટે. ગુ. ૨. નં. ૧૧૧૯૧૦૩૧ ૨૧૦૨ ૪૦/૨૦૨૧ ઈ.પી.કો. કલમ-,૩૨૪,૨૯૪(ખ) ,૧૧૪ તથા જી.પી.એકટ કલમ,૧૩૫(૧) મુજબ મુજબ (૨) શાહીબાગ પો.સ્ટે.ગુ.૨.ન.૧૧૧૯૧૦ ૩૧૨૧૦૨૫૧/૨૦૨૧ ઈ.પી.કો.કલમ-૩૨૬,૩૨૪,૨૯૪ (ખ) તથા જી.પી.એકટ કલમ ,૧૩૫(૧) મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૮૯/૨૦૨૧ તા.૨૯/૦૫/૨૦૨૧ થી ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૨૯/૦૫/૨૦૨૧ ના કલાક:૨૦/૩૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપેલ.

આરોપીનુ નામ:-

સુરેશ ઉર્ફે કાંચો સ/ઓ મનુભાઈ ડુંગરજી ભીલ ઉ.વ.૨૩ રહે-કસાપુરા ભીલવાસ સીવિલ હોસ્પિટલ ગેટ નં.૦૨ ની સામે શાહીબાગ અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ આર. પી. ડાભી તથા સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.વુ.પો.કો. નિલમબેન નાથાભાઈ બ.નં.૯૭૦૪
(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ
(૫) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

નારોલ પોલીસ સ્ટેશન (૧)

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી ભુજ જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી નરેશભાઇ ઉફે ગાભો સનાભાઇ જાતે તળપદા ઉ.વ.૩૬ રહે,મહાકાળીમંદીર પાસે નવરાત્રી ચોક ગુંતાલ તા.નડીયાદ જી.ખેડા નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૩૯૩/૨૦૨૧ તા.૨૯/૦૫/૨૦૨૧ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજ રોજ યોગ્ય પોલીસ જાપ્તા સાથે ભુજ પાલારા જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૨૯/૦૫/૨૦૨૨૧

સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.
પો.કો. દિપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦
અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪
સહદેવસિંહ નટવરસિંહ બ.નં.૬૨૮૪



નારોલ પોલીસ સ્ટેશન (૨)

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી રાજકોટ જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવૃત્તિ આચરતા આરોપી મહેશ રમેશભાઇ જાતે તળપદા ઉ.વ.૨૨ રહે, કૃષ્ણપુરા ફળીયુ નવરાત્રી ચોક ની બાજુમા ગુંતાલ તા.નડીયાદ જી.ખેડા નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૩૯૪/૨૦૨૧ તા.૨૯/૦૫/૨૦૨૧ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજ રોજ યોગ્ય પોલીસ જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૨૯/૦૫/૨૦૨૨૧

સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.
પો.કો. દિપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. **૫૩૪૪**
તથા સહદેવસિંહ નટવરસિંહ **બ.નં.૬૨૮૪**



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૫૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૭ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૬૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૫૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૫૨/૨૦૨૧**

ખાડીયાઃ નિતિનકુમાર સુરેશકુમાર ગાંધી (ઉ.વ.૪૪) (રહે. શાંતમ રેસીડેન્સી સુવિધા ચાર રસ્તા ગીતાબાગ સોસાયટી પાસે પાલડી) એ તા.૨૯/૦૫/૨૦૨૧ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ખાડીયા માણેકચોક કાગડાશેરી ધાંચીની પોળ "અષ્ટ મંગલ ઓર્નામેન્ટસ પ્રા.લિમીટેડ" પોતાની દુકાન નંબર-૧૫૨ ખાતે કામ કરતા કારીગર આરોપી લક્ષ્મણભાઈ રાધેશ્યામ મૈતી (રહે. શ્રીકૃપા જેઠાલાલ પાર્કની બાજુમાં કબાડી માર્કેટ પાસે બહેરામપુરા) ને નિતીનકુમાર ગાંધીએ તા.૧૦/૦૪/૨૦૨૧ ના રોજ ૪૮૯.૧૩૦ ગ્રામ સોનુ દાગીના બનાવવા સારૂ આપેલ જે પૈકી ૪૬૨.૪૦૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૨૧,૨૭,૪૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મોહનભાઇ મંગળભાઇ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૫૩/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ ધ્રુવીન જતીનભાઇ અમીન (રહે. હાર્મની વીલા હેરીટેજ બંગ્લોઝ પાસે સાયન્સ સિટી સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૧ સાજના ૭/૦૦ થી તા.૨૯/૦૫/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

નારોલઃ મુર્તુજા હુસેનીભાઇ દાહોદવાલા (રહે. લીલી ભવન પારસી જીમખાના સામે ખાનપુર) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૧ કલાક ૨/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ મોતીપુરા ચાર રસ્તા પાસે વ્રજભુમી સોસાયટી પ્લોટ નંબર-૨ ખાતે એક્ષીસ બેન્કનું એ.ટી.એમ.મશીન તોડી અજાણી વ્યક્તિ એ.ટી.એમ.માંથી રોકડ રૂપિયા ૧૪,૪૮,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.ગોહીલ ચલાવે છે.

બીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૫૪/૨૦૨૧**

ચાંદખેડાઃ ચાંદખેડા સ્વાદ ગાંઠીયારથ સામે મેરીમેન્ટ પરમેશ્વરની નવી બનતી સાઇટ ઉપર કામ કરતા અને ત્યા જ રહેતા પ્રશાંત વિજેન્દ્ર સિંધ (ઉ.વ.૧૮) (મુળ વતન- ગામ-માયાનગર પોસ્ટ-જેતપુર તા-બહા જીલ્લો-આગ્રા ઉત્તરપ્રદેશ) તા.૨૯/૦૫/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સાઇડ ઉપર બીજા માળે કોલમ ખોલતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દીક લાભશંકર ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૫૫/૨૦૨૧**

પાલડીઃ નિરંજનભાઇ હરમાનભાઇ પટેલ (ઉ.વ.૮૦) (રહે.અમન એપાર્ટમેટ વિશ્વકુંજ સોસાયટી નારાયણનગર રોડ પાલડી) નાઓને ચાર માસ પહેલા મહામારીમાં સંક્રમીત થયા હતા, અને પોતાને ડાયાબીટીસની બીમારી હોઇ, બ્લેક ફંગસ રોગ થવાના ડરના કારણે તા.૨૭/૦૫/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટના ધાબે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને પાલડી એમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૫/૨૦૨૧ સવારના ૧૧/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદિશભાઇ કાંતીલાલ ચલાવે છે.

રામોલઃ વિશાલકુમાર વનરાજભાઇ રાજપુત (ઉ.વ.૩૬) (રહે.પુષ્પ હાઈટસ અદાણી સર્કલ પાસે રામોલ રીંગ રોડ રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૫/૨૦૨૧ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી